


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૪૫ | ૪ ઓગસ્ટ, ૨૦૧૬, ગુરૂવાર ; શ્રાવણ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# મુખ્યમંત્રી પદનો નિર્ણય હજુ અનિર્ણિત

## અમિત શાહના આગમન બાદ વિધાનસભા પક્ષની બેઠકનો સમય અને સ્થળ નક્કી થશે : નિતીન ગડકરી અને સરોજ પાંડે કેન્દ્રીય મોવડીમંડળના નિરીક્ષક તરીકે હાજર રહેશે : અમિત શાહ ગુજરાતના મુખ્યમંત્રી બનશે નહીં : મોદીના આવાસ પર સંસદીય બોર્ડની બેઠકમાં આનંદીબેનના રાજીનામાનો સ્વીકાર



નવી દિલ્હી, તા.૩

ગુજરાતના મુખ્યપ્રધાન આનંદીબેન પટેલના રાજીનામાને આજે સવારે યોજાયેલી સંસદીય બોર્ડની બેઠકમાં સ્વીકારી લેવામાં આવતા આ સંદર્ભમાં ચાલી રહેલી ચર્ચાઓનો અંત આવ્યો હતો. આની સાથે સાથે એવી અટકળોનો પણ અંત આવી ગયો હતો કે ભાજપ પ્રમુખ અમિત શાહને ગુજરાતના મુખ્યપ્રધાન બનાવવામાં આવનાર છે. બેઠક બાદ માહિતી અને પ્રસારણ પ્રધાન વૈકેયા નાયડુએ ચિત્ર સ્પષ્ટ કરતા કહ્યુ હતુ કે અમિત શાહ ગુજરાતના મુખ્યપ્રધાન બનવા જઇ રહ્યા નથી. નાયડુએ કહ્યુ હતુ કે ગુજરાતના નવા મુખ્યપ્રધાન અંગે નિર્ણય આવતીકાલે યોજાનારી ગુજરાત વિધાનસભા પક્ષની બેઠકમાં લેવામાં આવશે.

ગુજરાતના ધારાસભ્યો દ્વારા નવા મુખ્યમંત્રીની પસંદગી કરવામાં આવશે. કોઇ રાજકીય નેતાને મુખ્યમંત્રી પદ સોંપવામાં આવશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા નાયડુએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ગુજરાતના ધારાસભ્યોમાંથી જ કોઇ એકની મુખ્યમંત્રી તરીકે પસંદગી કરવામાં આવશે. આજે સવારે દિલ્હીમાં સસ્પેન્સની સ્થિતિ વચ્ચે ભાજપ સંસદીય બોર્ડની મહત્વપૂર્ણ બેઠક મળી હતી જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ, વિદેશ મંત્રી સુષ્મા

● અનુસંધાન પાન-૭ પર

# મુખ્યમંત્રી પદે નિતીન પટેલની વધતી સંભાવના

ગાંધીનગર, તા.૩

ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે ભાજપનું કેન્દ્રીય મોવડી મંડળ સિનિયર કેબિનેટ મંત્રી નિતીન પટેલ ઉપર પસંદગી ઉતારે તેવી સંભાવના છે. તેઓ હાલ સરકારના પ્રવક્તા મંત્રી ઉપરાંત આરોગ્ય અને માર્ગ-મકાન વિભાગનો હવાલો સંભાળી રહ્યાં છે. સચિવાલયમાં તેમને બધાં નાના મંત્રી કહે છે, કારણ કે ઉંચાઈમાં તેઓ નીચા છે.

ભાજપના હાઈકમાન્ડે અમિત શાહને નેશનલ પ્રેસિડેન્ટ તરીકે ચાલુ રાખવાની જાહેરાત કરતાં અમિત શાહના નામની અટકળોનો અંત આવ્યો છે. પાર્ટીની પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબહેન પટેલનું રાજીનામું સ્વિકારી લેવામાં આવતાં તેમણે બુધવારે સાંજે ગુજરાતના રાજ્યપાલ ઓ.પી.કોહલીને રાજીનામાનો પત્ર સુપરત કર્યો છે.

કેન્દ્રીય નિરીક્ષકો દિનેશ શર્મા અને વી. સતીષની હાજરીમાં ભાજપના ધારાસભ્યોની ગુરૂવારે યોજાનારી બેઠકમાં પાર્ટીના નવા નેતા અંગે સભ્યોના મંતવ્યો અને



સંમતિ લેવામાં આવશે, ત્યારબાદ હાઈકમાન્ડ નવા નેતાની જાહેરાત કરશે. ગુજરાતમાં કોને મુખ્યમંત્રી બનાવવા તે અંગેની સંપૂર્ણ જવાબદારી પાર્ટી પ્રેસિડેન્ટ

● અનુસંધાન પાન-૭ પર

# મુખ્યમંત્રી તરીકે આનંદીબેન પટેલનું વિધિવત રાજીનામું

ગાંધીનગર, તા. ૩

રાજ્યના મુખ્યમંત્રી તરીકે આજે સાંજે ૫.૧૫ કલાકે શ્રીમતિ આનંદીબેન પટેલે વિધિવત્ પોતાનુ રાજીનામુ રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીનો આપી દીધુ છે. રાજ્યપાલશ્રીએ નવી સરકારની રચના ના થાય ત્યં સુધી કાર્યકારી મુખ્યમંત્રી તરીકે ચાલુ રહેવા જણાવ્યું છે.

આજે સવારે ભારતીય જનતા પક્ષની કેન્દ્રીય પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં શ્રીમતિ પટેલના મુક્ત થવા અંગેના પત્ર પર ચર્ચાની અંતે મંજૂરીની મહોર મારવામાં આવી હતી. આ પછી પાટનગમરાં રાજકીય ગતિવિધિઓ વેગીલી બની ગઈ હતી.

મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ સાથે પ્રદેશ અગ્રણીઓએ ચર્ચાને અંતે સાંજે પાંચ વાગે રાજીનામાનો પત્ર આપવાનો સમય રાજભવન ખાતેથી મેળવી નિયત કરાયો હતો.

શ્રીમતિ આનંદીબેન પટેલ રાજીનામુ આપવા ગયા તે સમયે તેમની સાથે પ્રદેશ ભાજપ પ્રમુખ વિજય રૂપાણી, પ્રદેશ હોદ્દેદારો આઈ.કે. જાડેજા, કે.સી. પટેલ,સુરેન્દ્રભાઈ પટેલ સહિતના હોદ્દેદારો ઉપરાંત રાજ્ય મંત્રીમંડળના સિનીયર મંત્રીઓ ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રમણલાલ વોરા, નીતિનભાઈ પટેલ, ગોવિંદભાઈ પટેલ, બાબુભાઈ બોખીરીયા વિગેરે જોડાયા હતા.

ગુજરાતના પ્રભારી દિનેશ શર્મા પણ આ વખતે ખાસ હાજર રહ્યા હતા. પ્રદેશ આગેવાનો અને મંત્રીમંડળના સભ્યો ચાલતા રાજભવન પહોંચ્યા હતા



# આનંદીબેનના રાજીનામાની સાથે અફવા બજાર ગરમ; વહીવટીતંત્ર ઠપ્પ



ગાંધીનગર, તા. ૩

રાજ્યના મુખ્યમંત્રી તરીકે શ્રીમતિ આનંદીબેન પટેલના રાજીનામાની સાથે પાટનગરમાં રાજકીય સન્નાટા વચ્ચે અફવાઓનું બજાર ગરમ બની ગયુ છે અને હવે કોણ તેને લઈ ચર્ચામાં અટકળો ચાલી રહી છે. તો પાટનગરમાં વહીવટીય સ્થિરતા આવી ગઈ છે.



મુખ્યમંત્રી તરીકેની જવાબદારીમાંથી મુક્ત થવાની ઈચ્છા વ્યક્ત કરતો સોમવારે આનંદીબેન પટેલે લખેલા પત્ર પછી આજે તેમણે વિધિવત્ રીતે રાજ્યના મુખ્યમંત્રી તરીકે હોદ્દા પરથી રાજીનામુ આપી દીધુ છે.

શ્રીમતિ આનંદીબેન પટેલના અનુગામી તરીકેની પસંદગી માટે ધારાસભ્યોની બેઠક શુક્રવારે સવારે મળે તેવી શક્યતાઓ છે. ગુરૂવારે સાંજે નિમાયેલા નિરીક્ષકો નીતિન ગડકરી અને સરોજબેન પાન્ડે આવી પહોંચશે તેમ મનાઈ રહ્યું છે.

પાટનગરના રાજકીય વર્તુળોમાંથી મળતી વિગતો પ્રમાણે ઘણા-બધા ધારાસભ્યો હાલ ગાંધીનગરમાં છે અને બીજાને પહોંચવા માટે જણાવી દેવામાં આવ્યું છે.

બીજી તરફ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ ગુરૂવારે સવારે અમદાવાદ આવી પહોંચશે. આ પછી તેઓ પ્રદેશ નેતાઓ સાથે પરામર્શ કરશે અને ધારાસભ્યોની બેઠક સહિતની બાબતો અંગેના નિર્ણય લેવામાં આવશે.

રાજકીય વર્તુળોમાંથી મળતી વિગતો પ્રમાણે શ્રીમતિ આનંદીબેન પટેલે જે રીતે રાજીનામુ આપી દીધુ છે તેને લઈ રાજકીય અટકળો તેજ બની છે અને રાજકીય ઘણી બધી બેઠકોનો સિલસિલો વધી જવા પામ્યો છે. સૌના મુખે એક જ વાત સાંભળવા મળે છે કે હવે કોણ ?

મંત્રીશ્રીઓના વિસ્તારમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે કારણ કે નવા મંત્રીમંડળમાં કોણ હશે ? કોણ કપાશે તેની ચિંતાઓ પણ મંત્રીના નિવાસસ્થાન વિસ્તારમાં જોવા મળી હતી.

મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના રાજીનામાને પગલે વહીવટીતંત્ર પણ ઠપ્પ જેવુ થઈ જવા પામ્યુ છે. તંત્રમાં પણ જાણે જે કાર્યક્રમો હાલ છે તે કેવી રીતે આગળ ધપાવવા તેને લઈ દ્વિધાભરી સ્થિતિ છે. તંત્રમાં અનિશ્ચિતતાનો દોર આવે એટલે સામાન્યતઃ આવી સ્થિતિ સર્જાતી જ રહેતી હોય છે.

# અનુગામીના નામની અટકળો...

## નાયબ મુખ્યમંત્રી પદની નવી જગ્યાઓ મંત્રીમંડળમાં ઉભી થશે તેવી પણ અટકળો

ગાંધીનગર, તા. ૩

મુખ્યમંત્રી આનંદીબેન પટેલના અનુગામી તરીકે કોણ ? તેને લઈ શરૂ થઈ અટકળો વચ્ચે આજે પ્રદેશ પ્રમુખ રૂપાણીએ રેસમાંથી પોતાની જાતને દૂર કરતા હોય તેમ તેમણે જણાવ્યું હતું કે તેઓ સંગઠ્ઠનના કામમાં વધુ વ્યસ્ત છે એટલુ જ નહિ ખુશ પણ છે.

રાજીનામુ આનંદીબેન પટેલ આપવા જવાના હતા તે પૂર્વે તેમણે પત્રકારો સાથેની ઔપચારિક વાતચીતમાં આ સંકેત આપ્યા હતા અને જણાવ્યું હતું કે તેઓને સંગઠ્ઠનમાં ખુબજ રસ છે અને સંગઠ્ઠનમાં તેઓ પહેલેથી કામ કરતા રહ્યા હતા અને હાલ આવનારી ચૂંટણીઓમાં વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. જો કે તેમણે પોતાનું નામ રેસમાં નહિ હોવાનો આડકતરો એકરાર એકદમ કરતાં પત્રકારો પણ ચોંકી ઉઠ્યા હતા અને વધુ પ્રશ્નો કરે તે પહેલાં તેમને સ્થળ છોડી દીધું હતું.

મુખ્યમંત્રી તરીકે જેમનું નામ બોલાઈ રહ્યુ છે તેવા નીતિન પટેલ પણ પત્રકારોના પ્રશ્નોના ઉત્તરમાં મારકણુ સ્મિત રેલાવી મૌન ધારણ કરી લેતા નજરે પડ્યા હતા.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહનું નામ સૌથી મોખરે છે પણ આજે કેન્દ્રીય મંત્રી વૈંકૈયા નાયડુએ સ્પષ્ટ કહ્યુંછે કે અમીતભાઈની સેવાઓ રાષ્ટ્રીય સ્તરે જરૂરી છે અને તેઓ કોઈ સ્પર્ધામાં નથી.

આ પછી બીજી અટકળો એવી પણ ચાલી રહી છે કે ઘણા બધા વર્ષ પછી રાજ્યમાં નવા મંત્રીમંડળમાં નાયબ મુખ્યમંત્રીપદની જગ્યા ઉભી કરાશે. પસંદગી કેન્દ્રીય નિરીક્ષકો કરશે.

અનુગામીની જાહેરાત ગાંધીનગરથી જ કરાશે તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીતભાઈ પણ અહિ છે અને નિરીક્ષકો આવી રહ્યા છે એટલે ગાંધીનગરમાંથી જ તેની જાહેરાત થશે.

# રાજ્યમાં ભારે વરસાદની ચેતવણી

## રાજ્યના ૫૮ તાલુકાઓમાં ઉલ્લેખનીય વરસાદ નોંધાઈ ગયો : નવસારી જિલ્લામાં તથા ઉપરવાસમાં ભારે વરસાદના કારણે હાલત કફોડી અનેક નદીઓમાં ઘોડાપુરની પરિસ્થિતિ : કપરાડામાં પાંચ ઈંચથી વધુ વરસાદ

અમદાવાદ, તા.૩

ગુજરાતના વિવિધ ભાગોમાં ભારે વરસાદ જારી રહ્યો છે. ભારે વરસાદની ચેતવણી જારી કરાયેલી હોવાથી તંત્ર સંપૂર્ણપણે સાવધાન થયેલું છે. ભારે વરસાદથી હાલ કોઇ રાહત નહીં મળે તેવી શક્યતા છે. નવસારી જિલ્લામાં તેમજ ઉપરવાસમાં ભારે વરસાદના કારણે બારે મેઘ ખાંગાની સ્થિતિનું નિર્માણ થયું છે. નવસારી જિલ્લાની પૂર્ણા અને અંબિકા તથા કાવેરી નદીઓમાં ઘોડાપૂરની સ્થિતિ રહેતા તંત્ર સાવધાન થયું છે. અનેક જગ્યાઓએ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. રાજયમાં વરસી રહેલા વરસાદે છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન ૫૮ તાલુકાઓમાં નોંધનીય વરસાદ વરસ્યો છે. જેમાં વલસાડ જિલ્લાના કપરાડામાં તાલુકામાં ૧૩૪ મી.મી. એટલે કે પાંચ ઈંચથી વધુ બનાસકાંઠા જિલ્લાના અમીરગઢમાં ૧૦૦ મી.મી. એટલે કે ચાર ઈંચ અને ડાંગ જિલ્લાના ડાંગમાં ૭૫ મી.મી. અને વધઈમાં ૮૧ મી.મી. મળી કુલ બે તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.



રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૦૩.૦૮.૨૦૧૬ના રોજ સવારે ૭-૦૦ કલાકે પુરા થતા ચોવીસ કલાક દરમ્યાન રાજયના ડભોઈ તાલુકામાં ૪૯ મી.મી., ડેશરમાં ૭૦ મી.મી., સંખેડામાં ૪૮

● અનુસંધાન પાન-૭ પર


સમદર્શન આશ્રમ આયોજીત
શ્રાવણમાસ નિમિત્તે પ્રવચન શ્રેણી
વિષય
વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર
તારીખ : ૧૫-૮-૨૦૧૬ સુધી દરરોજ
સમય : સાંજે ૬:૩૦ થી ૮:૦૦
પ્રવક્તા : પૂજ્ય ગુરૂમા સમાનંદજી
સ્થળ : સમદર્શન આશ્રમ, સે.૧, ગાંધીનગર



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET




• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m. 8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR 09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m. E 76, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR 09462597151, 09414119651